श्री परमात्मने नमः

૧૯૧૦.

દેશોન્નતિની ચાવી.

પ્રથમ ભાગ

લેખક
માર્તન્ડ તનય કૃષ્ણ.

કાર્ડ સાઇઝ ૩×૪

ફોટોગ્રાફ પાડવાના

છુપા કેમેરા.

ગમે તે માણસની તસવીર તે ધણીને ખબર પડવા દી
આ કેમેરાથી ઉતારી શકાય છે. દોડતી ગાડી, ઉડતું પક્ષી
સહેલાઈથી ફોટો લઇ શકાય છે. એમાં શીખવાની કડાકૂટ
અમો ખરીદનારને તેની સંપૂર્ણ રીત ઘેર બેઠાં શીખવી શકાએ
છીએ. ઘણા લોકો આ કેમેરા રૂ. ૧૦થી પંદર સુધી વેચે છે પ
તેની ખરી કીમત માત્ર રૂ. ૩) છે અને પોસ્ટેજ જુદું

વગર દુઃખે વાળ કાઢવા માટે

બાદશાહી સાબુ.

આ સાબુ જે જગા ઉપર લગાડવામાં આવે છે તે જગ
વાળ ઘણીજ સફાઈથી નીકળી જાય છે. ચામડીને કાંઇ પણ
થતી નથી ચામડીને કુદરતી રંગની બનાવે છે. ત્રણ સાબુના બ
કસની કીમત રૂ ૧) એક અને પોસ્ટેજ જુદું.

ખરીદતી વખતે રજીસ્ટર નં૦ ૫૨૯ તપાસી ખરીદ કરવો.

છોટાલાલ છગનલાલ મહાજન.

સોલએજંટ

ઠે મોરારજી ગોકળદાસની મારકીટ સામે-કાલબાદેવીરોડ-મુંબઈ

ધી "રાંદેર" પ્રિ. પ્રેસ—ભાગાતલાવ, સુરત.

અર્પણ પત્રિકા.

મુરબ્બી શેઠ શ્રી

રતિલાલ દુર્લભદાસ

માલેક "રાંદેર" પ્રેસ—સુરત.

આપના સહવાસમાં જ્યારથી હું આંવ્યો છું તે
દિવસથી આપની મારાપર માયાળુ લાગણી તેમજ
મને ઉચ્ચ સ્થિતિમાં મુકવાને આપનો સતત
પ્રયત્ન અને તેમજ બીજા મારા ઉપર
અનહદ ઉપકારોથી આકર્ષાઇ આ લઘુ
પુસ્તક આપનેજ અર્પણ કરી
કૃતાર્થ થાઉં છું અને કરેલ
ઉપગારોમાંથી કેટલેક અંશે
મુક્ત થવા ઇચ્છું છું. તેમજ
આપનો હંમેશાં ઉત્કર્ષ
થાય એવા હેતુથી
પરમકૃપાળુ ઈશ્વર
પાસે શુદ્ધ પ્રેમ-
થી પ્રાર્થના
કરૂં છું.

લી૦ સ્નેહાધિન.

માર્ત્તંડ તનય કૃષ્ણ.

બે બોલ.

અનેક વિદ્યાઓથી અનેક રત્નોથી પૂર્ણ ભરેલી આર્યદેવી ચાલુ સમયમાં એક સ્મશાન ભૂમિવત્ થએલી જોઇ તેમાં નિવાસ કરી રહેલા તેનાજ આર્ય પુત્રોને ત્હેની ઉન્નતિ કરવાનું મન થાય એ સ્વાભાવિક છે એ સ્વાભાવિક વૃત્તિને લઇનેજ આજકાલ ચોતરફ દેશોદયના વાજીંત્ર વાગી રહ્યાં છે જેના આંદોલનથી આ એક નાનકડું પુસ્તક બહાર પાડી આર્યદેવીના રૂણમાંથી મુક્ત થવા હું ઉત્કંઠા રાખું છું.

આ પુસ્તકમાં દેશોન્નતિ કેવી રીતે થાય તેનુંજ વર્ણન કરવાઆવ્યું છે અને છેવટે જણાવવામાં આવ્યું છે કે દેશોન્નતિમાંજ આપણી ઉન્નતિ સમાએલી અને તે દેશોન્નતિ કરવામાં મુખ્યત્વે આત્મભોગની જરૂર છે અને આત્મભોગ એ શુદ્ધ સાત્વીક પ્રેમ પ્રેમ સિવાય અપાતો નથી માટે એ શુ શુધ્ધ પ્રેમ રધ્યામાં રાખી હરહમેશ આત્માભોગ તરફ લક્ષ રાખી દેશોન્નતિમાં કાંઇ પણ મદદ કરવી એ દરેક વ્યકતની ફરજ છે આ બીના ઉપરજ આ પુસ્તકમાં વર્ણન કરવાં આવ્યું છે અને તેથીજ અહિં આ વધારે વિસ્તાર નહિ કરતાં વાંચક વર્ગે આવ્યાથી તે અંત સુધી વાંચવા તસ્દી લેવી.

છેવટે આ પુસ્તક જનસમુહ વધારે વંચાય તેવા હેતુથી મુસ્તકની કીમત બહુજ જુજ રાખવામાં આવી છે. અને તેથી જો આ પુસ્ત જનસમુહમાં વધારે પ્રિય થશે તો અમો થોડાજ વખતમાં આ પુસ્તકનો બીજો ભાગ બહાર પાડી આર્ય માતાની કાંઇ પણ સેવા કરવામાં અમે અમારો જાતીભોગ આપવા ચુકીશું નહિ તો આશા છે કે આર્ય બંધુઓ આ ન્હાનકડા પુસ્તકને આદર પુવરક વધાવી લેશે.

આ પુસ્તક પરિક્ષાણમાં મારા પ્રરમ પ્રિય મિત્ર શ્રી ચત્રભુજ વિ૦ તારાચંદ મહુવાકરે જે તસ્દી લીધી છે તેને માટે તેઓનો આ સ્થળે આભાર માનું છું.

લી૦

માર્તંડ તનય કૃષ્ણ.

દેશોન્નતિની ચાવી.

“ સ્વાર્થત્યાગ એજ આત્મોન્નતિની ચાવી છે. ”

અને તે ચાવી

શુદ્ધપ્રેમ વગર પ્રાપ્ત થતી નથી.

ચાલુ જમાનામાં દેશની ઉન્નતિ કરવી એ દરેક મનુષ્યનું ર્ત્વ્ય છે, અને તેને માટે થઇ ગએલા અને હૈયાતી ભોગવતા ટા મોટા વિદ્વાનોએ એકી અવાજે કહેલું છે કે, દેશની ઉન્ન-માંજ આપણી ઉન્નતિ સમાએલી છે. આ ઉપરથી ખુલ્લી રીતે શુાય છે કે, દેશની ઉન્નતિ કરવી એ મનુષ્ય માત્રની ફરજ છે ારે શા માટે દરેક મનુષ્યે તેને માટે પ્રયત્ન નહિ કરવો ? અર્થાત કે તેન માટે બનતા પ્રયાસે તન, મન અને ધનથી ભોગ આપવો ઇએ, અને એમ સમજી ઘણાક દેશહિતૈષિઓ તેને માટે પોતાથી ાતો પ્રયત્ન કરી રહ્યા છે અને કરે છે; પરંતુ અફસોસની વાત છે કે, એવા પ્રયત્નો કરનારાઓમાંથી ભાગ્યેજ કોઇએ સ્વદેશો-તિનું ખરૂં તત્વ શોધી કાઢયું હશે; અને જેણે એ તત્વ શોધી યું હશે તેનોજ પ્રયત્ન સફળ થયો છે. બાકી ભલે બીજા

પોતાની વાકચાતુર્યતાથી કે, બાહ્યોપચારથી માન મેળવવા માટે જુઓ પ્રયત્ન કરનાર પોતાને સ્વદેશભક્ત માની આનંદ માને, તો તેથી કંઇ દેશને લાભ ન થાય. એતો જેમ કોઇ માણસને પોતાના શરીરમાં જ્યારે અનેક રોગનો સમાવેશ થાય છે, ત્યારે કોઇપણ એક રોગની ચોકસ ચિકીત્સા કરી શકતો નથી અને તેથી પોતાના રોગ મટાડવાને માટે ફાયદાકારક દવા કરી શકતો નથી પણ ફકત દવાજ ખાય છે તેથી જેમ તે રોગનો નાશ થતો નથી, તેવીજ રીતે ચાલુ સમયમાં આપણી ભારત પ્રજામાં અનેક રોગ નિવાસ કરી રહ્યાં છે એવી વખતે તે રોગ કેવી રીતે નાશ થાય તેનું ચોકસ નિદાન જ્યાં સુધી કરવામાં ન આવે અને કયે રસ્તે તે રોગ દૂર થઇ શકે તે જાણવામાં ન આવે ત્યાં સુધી ઉન્નતિ માટે કરેલો સર્વ પ્રયત્ન આકાશપુષ્પવત્ વ્યર્થજ સમજવો.

આપણી ભારતભૂમિને સાંપ્રત કાળમાં અનેક રોગ લાગુ પડેલા છે જેવાં કે, કુસંપ, સ્વાર્થ, અજ્ઞાનતા, દ્વેષ, બાળલગ્ન, હાનિકારક રિવાજો, ખોટાં ખર્ચ, મિથ્યાભિમાન, કપટતા વિગેરે અનેક જાતના રોગોથી ઘેરાએલી છે. હવે તે બધા રોગો ટાળવાને માટે એક એવી ઔષધી શોધી કાઢવી જોઇએ કે, જેથી સર્વે રોગનો તેનાથી નાશ થઇ શકે. જોતાં માલમ પડી આવે છે કે, આ બધા રોગને દૂર કરવા માટે એક આત્મભોગજ બસ છે. જ્યાં સુધી આત્મભોગ આપનારા વીર પુરૂષો બહાર નહિ આવે ત્યાં સુધી ચોકસ માનજો કે દેશની ઉન્નતિ કદી થવાનીજ નથી. કારણ કે સ્વાર્થ ત્યાગ કરી નિસ્વાર્થ બુદ્ધિથી જે લોકો બહાર આવે છે તેનીજ જન સમૂહ ઉપર છાપ પડે છે. બાકી પરોપદેશે પાંડિત્યની માફક પોતે જુદું

આચરણ કરી લોકોને તેવું આચરણ નહિ કરવા ઉપદેશ આપે તો તે જન સમૂહ ઉપર કદીપણ છાપ પાડી શકશે નહિ, અને તેથી દેશને કંઇપણ હિત થવાનું નથી. માત્ર તે ઉપદેશક ફકત પોતાની વાણીનો વ્યય કરી લોકોના અમૂલ્ય વખતને રોકવા સીવાય બીજું કાંઇપણ વિશેષ કરી શકતો નથી.

પ્રાચીન સમયની પોરાણિક વાતો અને દંતકથાઓ આપણે સાંભળીએ છીએ ત્યારે આપણને તેમાંની અતિશયોક્તિ બદલ આશ્ચર્ય સિવાય બીજું કાંઇ લાગતું નથી. પરંતુ આત્મભોગ આપનારાની ક્રિયાઓ આત્મભોગ આપનારાજ જાણે છે, તેમાં અતિશયોક્તિ ભરેલું કાંઇજ હોતું નથી. કદાપિ હોય તોપણ તેમાંથી આપણે તત્વ શોધી કાઢીશું તો આપણને ઘણું જાણવાનું મળી શકશે.

જ્યારે દેશોન્નતિને માટે આત્મભોગ આપવો જોઇએ એમ નિશ્ચિત થાય છે. અને દેશોન્નતિમાંજ આપણો ઉત્કર્ષ સમાયલો છે એમ જ્યારે દૃષ્ટોત્પત્તિએ આવે છે ત્યારે એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે, કે, આત્મભોગ શી રીતે અપાય અને આત્મભોગ એટલે શું ? આ પ્રશ્નનું વિવેચન કરીએ તેટલું થોડુંજ છે. તો પણ એ વાત તો નિશ્ચત છે કે, હૃદયમાં જ્યારે શુદ્ધ પ્રેમ (નિસ્વાર્થ પ્રેમ) નો પ્રકાશ થાય છે ત્યારેજ આત્મભોગ આપવાની પ્રવૃત્તિ થાય છે. જ્યાંસુધી સ્વાર્થબુદ્ધિ હૃદયમાં નિવાસ કરી રહેલી હોય છે ત્યાંસુધી દેશોન્નતિને માટે લેવાતા ઉપાયો ખારાવાલી જમીનમાં કરેલાં વાવેતર જેવાં નિષ્ફળ થાય છે.

આ નિચેની એક (કલ્પિત્ત) વાર્તા વાંચક વર્ગની સમક્ષ મુકીએ છીએ જેમાં શુદ્ધપ્રેમનું ઉંડુ તત્ત્વ સમાયલું છે. કે જે તત્ત્વ વડે આપણી ભારતભૂમિના ખોળામાં રમતાં પ્રાચિન કાળમાં

થઇ ગએલાં સંતાનોએ આત્મભોગ આપ્યો છે, જેનું ગુલાબના જેવું સુગંધિત કીર્ત્તિરૂપ અત્તર અદ્યાપ સુધી ભારત સંતાનોને સુવાસ આપી રહ્યું છે. આ એક નજીવી ભેટમાંથી વાંચક વર્ગ સાર ગ્રહણ કરી પોતાની શેષ જીંદગીમાં દેશોન્નતિને માટે શુદ્ધ પ્રેમથી લેશપણ આત્મભોગ આપશે તો લેખકનો શ્રમ કંઇપણ અંશે સફળ થયો એમ સમજી લેખક તે સ્વદેશભકિતના ગુણનુંવાદનું વર્ણન કરવામાં તલ્લીન થશે.

" ગુલાબ અને ભ્રમર "

વસંત રૂતુની સુંદર સંધ્યાકાળની સમયે જ્યારે સહસ્ત્ર રશ્મિ સૂર્યનારાયણ પોતાના પ્રખર કીર્ણો સંમેટી લઇ આસ્તે આસ્તે જાણે જગતથી કંટાળી ક્ષીતિજમાં લપટાઇ જતો હતો, ત્યારે પક્ષીઓ પોતાના મિત્રનો હવે થોડાજ વખતમાં વિરહ થશે એમ સમજી પોતાના શબ્દોમાં વિરહ વેદના પ્રગટ કરતાં કોલાહલ કરી પોતાના સ્થાને જતાં હતાં. નદીમાં સંધ્યા સમયે સૂર્યના વક્ર કિરણો પડવાથી તે જાણે તપ્ત કાંચનથી ભરી હોય તેમ દેખાઇ જોનારના ચિત્તને આકર્ષિ આનંદમાં મગ્ન કરી નાંખતી હતી.

નદી કાંઠે આવેલા સુંદર બાગમાંના સુગંધી પુષ્પો પોતાના મુખ વીકાસી જાણે વસંતને રમાડતાં હોય તેમ મંદ મંદ પવનની લહેરમાં ડોલતાં હતાં જેને જોઇ વસંતના અનુરાગી સ્ત્રી પુરૂષોને વિશેષ આનંદ મળતો હતો. આવી વખતે એક ગુલાબના પુષ્પ ઉપર એક ભ્રમર ગુંજારવ કરી ગુલાબને કહેવા લાગ્યો:—

વાહ ! ગુલાબ ! ગુલાબ ! ત્હારી બનાવટ જોઇ દુનિયા કેવી ત્હારાપર મોહી પડી છે. વાહ ! શું સુંદર ત્હારો રંગ, મોહક આકૃતિ, કોમળ શરીર, મધુર સુગંધ, વિગેરે જોઇ મને પણ ત્હારા ઉપર વ્હાલ ઉપજે છે. ગુલાબ ! વધારે તો શું પણ ત્હને હમેશાં મારી સાથેજ રાખું, ત્હારા મધુર સુગંધનો ભ્રમર થઇને ઉપભોગ લઉં, ત્હારા કોમળ શરીરને હમેશાં સર્પ જેમ દ્રવ્યનું રક્ષણ કરે છે, તેમ કરૂં, ત્હારી મોહક આકૃત્તિ ઉપર મોહિ પડું, ત્હારો રંગ જોઇ પતંગના માફક બળી મરૂં: એવું મને થાય છે. પણ અફ્-સોસ ! ત્હને લેવા જતાં કાંટા નડે છે-વાગે છે તેથી હું લાચાર છું. ગુલાબ ! તને જો કાંટાની ચુંદડી તારા માલેકે ન પહેરાવી હોત; તો તું દુનિયાને કેટલી વ્હાલી લાગત-મ્હનેજ કેટલી વ્હાલી લાગત ! પણ એવા કયાં ભાગ્ય છે કે, સુવર્ણમાં શોભા અને સુગંધ બંન્ને સાથેજ હોય ? ગુલાબ ! ગુ...લા...બ !

ભ્રમરના આવા વચન સાંભળી " **ગુલાબ** હસ્તી હસ્તી ભ્રમરને કહેવા લાગી, ભ્રમર ! તારૂં બોલવું સાંભળી મને ઘણું આશ્ચર્ય લાગે છે એટલુંજ નહિ પણ પ્રેમથી ત્હારા ઉચ્ચારેલા નાના છોકરા માફકના વિચાર ઉપર હસવું આવે છે; ભ્રમર ! તુંજ વિચાર કરને કે, જે માલિકે મને સૌંદર્ય, ગુણ અને કોમળતા બક્ષી છે તેણે કાંટાની ચુંદડી ન પહેરાવી હોત તો દુનિયા મને જંપીને બેસવા દેત કે ? કદી નહી; ને પછી ખરા પ્રેમની પરિક્ષા થાત કે ? કદી ન થાત; માટે કાંટાથી ડરીશ નહિ ત્હારામાં ખરો પ્રેમ હશે તો તને કાંટા દેખાશે. નહિ કાંટા તને શું કરનાર છે; પ્રેમની પાંખ જબરદસ્ત છે. પ્રેમથીજ આત્મભોગ અપાય છે, પ્રેમથી તું મારા ઉપરજ ઝંડપ ઘાલીશ. માત્ર પ્રેમ જોઇએ. અત્યાર સુધી તારામાં

ખરો પ્રેમ નથી. એમ મને જણાય છે; નહી તો તું આમ બોલતજ નહિં. પ્રેમીને માટે મને ઇશ્વરે સરજી છે: હું પ્રેમની પ્યાસી છું, તું ખરો પ્રેમ રાખ એટલે હું ત્હારીજ છું ને તું મારોજ છે. ભ્રમર ! મોતી જો રસ્તામાં પાકયા હોત તો પછી તેનો ભાવ કોણ પૂછત ? અને દરિયામાં ડુબકી મારવા કોણ જાત ! પ્રેમ બજારમાં હોતો નથી, પ્રેમની પરિક્ષા કાંટાથીજ થશે દરિયા કિનારાના પથ્થરમાં કોઇકજ હીરો હશે, એટલું લક્ષમાં રાખ અને પ્રેમી થા.

ભ્રમર :— વાહ ગુલાબ ! વાહ ! પ્રેમની પ્યારી ગુલાબ ! શાબાશ છે ત્હને. ત્હારાજેવી મેં જગતમાં બીજી કોઇ જોઈ નથી. ધન્ય છે ત્હારા પ્રેમને અને તેથીજ હું તને વધારે ચાહું છું. ગુલાબ ? ખરેખર હવે મને તારા પ્રત્યે ખરો પ્રેમ ઉપજ્યો છે; હૃદય ચીરીને બતાવાત તો જરૂર હું તેમજ કરતે; હું પ્રેમીજ છું. ખરેખર પ્રેમીજ છું. હું વાંસ જેવા કઠણ પદાર્થને કરડી તોડી નાંખવા સમર્થ છું. છતાં ફક્ત પ્રેમની ખાતરજ કમળ જેવા નાજુક ફુલમાં મારે સપડાઇ રહેવું પડે છે અને ભોગ આપવો પડે છે. પ્રેમથી અધિક શું છે? તુંજ વિચાર કરને, શું મારામાં એ ઓછો પ્રેમ છે ? એથી અધિક પ્રેમ કેવો હોવો જોઇએ ? ગુલાબ ! હું પણ ત્હારાપર તેવોજ પ્રેમ રાખીશ. ત્હારે માટે હું મારો પ્રાણ અર્પણ કરીશ. અરે આત્મભોગ આપીશ. જો એક વખત હું ત્હારી પાસે આવ્યો તેમાં જો મને કેવો એક મોટો કાંટો વાગ્યો અને કેટલું બધું લોહી નીકળ્યું. તેની કાંઇ તને દરકાર છે ? છતાં તું મને કહે છે કે, તું ખરો પ્રેમ રાખ ? તો હવે મારે કરવું શું ? અને ખરો પ્રેમ તે કયાંથી લાવવો ! ગુલાબ હવે હુંજ તને

પ્રાર્થના કરૂં છું કે, તું હારી કાંટાની ચુંદડી કાઢી નાંખ અગર તુંજ મને ખરો પ્રેમ કેવો છે તે શીખવાડ. કારણ કે પેલી પુરાણી કહેવત છે કે એક હાથે તાલી પડતી નથી, હું હને ચાહું છું ને તું તો કંઈ તેની દરકારજ કરતી નથી તો પછી પ્રેમ તે કયાં રહ્યો? ગુલાબ! શું કહે છે? કેમ જવાબ દેતી નથી? બોલની.

ગુલાબઃ—શું બોલું? સંપૂર્ણ જ્ઞાની હોય તેની સમજુની કરાય અગર તદ્દન અજ્ઞાની હોય તેને સમજણ અપાય પણ હારા જેવા નહિં જ્ઞાનીમાં કે નહિં અજ્ઞાનીમાં તેને સમજાવવા બ્રહ્મદેવ પણ અસમર્થ છે. તો મારી તે શી વિશાદ. અધુરો ઘડો હમેશાં છલકાય! તે શું તું નથી જાણતો? હારી સમજુતી મારાથી કરાશે નહિં; તો પણ મારે કહેવું પડશે કે, હજુ હારામાં ખરો પ્રેમ (આત્મ ભોગ) નથી પ્રેમ કોઇ એવી ચીજ નથી કે હું તને તેનો પોટલો બાંધી આપું; અને એવી વિદ્યા પણ નથી કે તે કોઇની પાસેથી શીખી લઇએ. પ્રેમ એ ઇશ્વરી બક્ષીસ છે અને તે સ્વાભાવિકજ હોય છે માત્ર કરવામાં એટલુંજ બાકી રહે છે કે, તેનો ગેરરસ્તે ઉપયોગ ન કરતાં તે પ્રેમને કેળવવો જોઇએ. જેમ હીરાની કીમત પહેલાથીજ અમૂલ્ય છે તો પણ હેને પહેલ વિગેરે પાડી સુશોભિત કરવાથી તેની કીંમતમાં વધારો થાય છે તેમ પ્રેમ [આત્મ ભોગ] અમૂલ્ય ચીજ છે પણ સારે રસ્તે વાપરવાથી તેની કીંમત વધે છે. અને તેજ ખરો પ્રેમ—સંપૂર્ણ પ્રેમ કહેવાય છે. ભ્રમર! ખરા પ્રેમની રીત ન્યારી છે તું કહે છે કે હૃદય ચીરીને બતાવાત તો હું તેમ કરત અને એક તરફ કાંટાથી ડરી લોહી નીકળ્યાનું બતાવે છે. તો શું એ ખરો પ્રેમ કહેવાય કે? ભ્રમર! સાંભળ.

પ્રેમી તેને હું કહું જે કાઢી દે નીજ ચામડી;
જીવ માંગે જો કોઇ તો તે જીવ આપે કાઢડી.

બોલ ભ્રમર ! છે ત્હારામાં એ પૈકી કોઇ પણ એક ખરો પ્રેમ, કેમ બોલતો નથી ? હાં, સમજી ત્હારા મનનો ભાવ સમજી. કમળ ઉપર તું પ્રેમ રાખે છે અને તેને તું તારો પ્રાણ અર્પણ પણ કરે છે એ વાત ખરી પણ તે પ્રેમ કેવો. તે હું નથી સમજતી ? વાંસડાને કરડી ભૂકો કરવાની સત્તા ત્હારામાં હશે પણ કમળને તેમ કરી શકતો નથી તેનું કારણ પ્રેમ નહિ પણ તેમાં તારો પોતાનો રહેલો સ્વાર્થ છે. પોતાના સ્વાર્થ માટે ભોગ આપનારાની પ્રેમીમાં ગણતરી ન થાય, સમજ્યો ? એવો પ્રેમ તે પ્રેમ નહિ પણ પ્રેમનો વિક્ષેપ જે રાગ તે કહેવાય છે, પ્રેમ એટલે શુદ્ધ પ્રેમ (આત્મ ભોગ) રાગ એટલે પ્રાપંચિક પ્રેમ [સ્વાર્થ] એ બેમાં જમીન અને અસ્માનનો ફરક છે, તેલ અને અત્તર જેટલો તફાવત છે. પ્રેમ એ અત્તર છે અને રાગ એ તેલ છે. અત્તર સારો સુવાસ આપે છે, કપડાપર ધાબા પડતા નથી ત્યારે તેલ સાધારણ સુવાસ આવે છે અને કપડાને ખરાબ કરે છે. તેવીજ રીતે શુધ્ધ પ્રેમ અંતઃકરણને ડાઘા રહિત બનાવે છે અને રાગ પ્રેમના જેવું સાધારણ સુખ આપે છે પરંતુ દિલને કલંકિત કરે છે. માટે રાગને છોડી વિરાગી થવું એટલે શુધ્ધ પ્રેમના રાજ્યમાં મગ્ન થઇને ફરવું એજ આત્મભોગનો માર્ગ છે. બાકી લંગોટીવાળી રાખ ચોળી એટલે વિરાગી ન થવાય, અને પોતાનું માન વધારવા વાકચાતુર્યના વાપરવી અને સમય મળતાં બગલાની માફક પોતાનો સ્વાર્થ સાધી લેવો તેથી કાંઇ દેશની ઉન્નતિ ન થાય.

ભ્રમર! તું જે પ્રેમ રાખે છે તે પંચ વિષયના ધર્મ છે, તે પ્રમાણે તેમાં તું લુબ્ધ થઇશ તો તારી તેમાં હાનીજ છે. જોને પતંગ પ્રકાશથી લોભાઇ જીવ દે છે, હાથી મહા બળવાન છતાં સ્પર્શથી વશ થાય છે, મીન રસેંદ્રિમાં લુબ્ધ હોવાથી જીવને ખોવે છે, તેમ તું કરે છે તેમાં કાંઇ પ્રેમની નીશાની નથી. ભ્રમર! પ્રેમીના હૃદય પોતાના સ્વાર્થ માટે બહુજ કઠોર હોય છે અને બીજાના દુઃખ માટે બહુ કોમળ હોય છે. તેમ તમારા હૃદય નથી. તમારા હૃદય તો પોતાના સ્વાર્થ માટે જીવ જાય તો બહેતર છે પણ બીજાના સ્વાર્થમાં પોતાને જરા કલેશ થાય તો તરત તમારા દીલ કોમળ બની જાય છે. ભ્રમર! કહે એજ કે તમારો પ્રેમ? પ્રેમી [આત્મ ભોગ] તો તેજ કે જેણે પ્રજાના દુઃખને માટે પોતાના શરીરની પણ દરકાર ન કરી. ધન્ય છે એવા પ્રેમી (આત્મ ભોગી) નર પરદુઃખ ભંજન વિક્રમાદિત્યને. કેટલો પ્રજા ઉપર પ્રેમ એટલુંજ નહિ પણ જરા ભિષ્મપિતા તરફ નજર કર. પિતાના સુખને માટે પોતાનો સ્વાર્થ તદ્દન છોડી દીધો, તેઓનેજ ધન્યવાદ આપવો ઘટે છે. જૈન લોકને પણ ધન્યવાદ ઘટે છે, કારણ કે જેઓ અતિ નાનાનાં નાના જીવથી પણ સ્થુળ દેહવાળા જીવપર પ્રેમ ભાવ રાખે છે. પણ અફસોસની વાત એ છે કે, તેઓ ઉપર ધર્મ (ફરજ) રૂપી દબાણ છે, અને તે દબાણને લીધેજ તેઓ એવો પ્રેમ રાખે છે, બાકી ખરૂં જોતાં ખરા દીલથી કાંઇ હોતું નથી. જેમ એક નોકરને પોતાની નોકરી બજાવવાની હોય છે, અને તેની પાછળ તે આખો દિવસ એક દિલથી મચ્યો રહે છે, પરંતુ તે તેને બોજારૂપજ થઇ પડે છે, ધણીના ડપકાને લીધે તેને કરવું પડે છે, બાકી

તેનામાં તે કામ બદલ ખરો પ્રેમ (આત્મ ભોગ) હોતો નથી, તેમજ તેઓ એમ માને છે કે પારકાના ઉપર દયા કરવી, તેમને પ્રેમ દ્રષ્ટિથી જોવા એ આપણી ફરજ છે અને જો તેમ નહિ કરશું તો આપણને પાપ લાગશે. ભ્રમર! જ્યાંસુધી એવો સ્વાર્થ રહેલો હોય છે ત્યાંસુધી તેમનામાં ખરા પ્રેમ (આત્મભોગ)ની છાયા પણ હોતી નથી એમ સમજવું કારણ કે એવાં સ્વાર્થ પરાયણ પ્રેમી બીજા ઉપર દયા-પ્રેમ કરતાં કદાચ તેમના ઉપર આફત આવી પડે છે ત્યારે **इश्वरेच्छा वलीयसी** એમ કહી તુરતજ તે રસ્તો છોડી દે છે, ફરી તેનું નામ પણ લેતા નથી. તેમ નિઃસ્વાર્થ (આત્મભોગી) પ્રેમી હોતા નથી. નિઃસ્વાર્થ પ્રેમી તો ભલે પ્રાણ જાય તો પણ ડરતાં નથી. એવા પ્રેમીને તો મરણ પણ પ્રેમ રૂપજ છે.

ભ્રમર:—હજુ તને આત્મભોગ કેમ અપાય અને કોણે કોણે આપ્યા તે કહું છું તે સાંભળ. કારણ કે પ્રેમ સિવાય સ્વાર્થત્યાગ થતો નથી અને સ્વાર્થત્યાગ વિના આત્મભોગ અપાતો નથી અને આત્મભોગ સિવાય દેશોન્નતિ થતી નથી, તો આજકાલ આત્મભોગ (સ્વાર્થત્યાગ)ની બહુજ જરૂર છે. જેઓ પોતાને ભૂલી શકતા નથી. જેઓ બધી પ્રકારનો સ્વાર્થ નાશ કરી શકયા નથી તેઓ કદી પોતાનું પણ કલ્યાણ કરી શકતા નથી; ત્યારે સ્પષ્ટ સમજી શકાય છે કે તેમનાથી સમાજનું કંઇપણ કલ્યાણ થઇ શકે નહિ.

એક દીપકની નાની સરખી જ્યોતિમાં જેમ તિમિરનો નાશ કરવાની સત્તા રહેલી છે, તેજ પ્રમાણે પ્રેમજ્યોતિમાં મનુષ્યના હૃદયમાં રહેલો સ્વાર્થરૂપી અંધકાર નાશ કરવાની સત્તા રહેલી છે. દેશોન્નતિની કહો કે આત્મોન્નતિની કહો, ખરી ચાવી પ્રેમમાંજ

છુપાએલી છે. માટે ભ્રમર! તારે જો ખરા સુખનું અજવાળું જોવું હોય તો તું ત્હારો સ્વાર્થ સાધવામાં તત્પર ન થા. તું નિઃસ્વાર્થ થઇ બીજાની ઉન્નતિ માટે આત્મભોગ આપવા તૈયાર થા, તોજ તું ખરો પ્રેમી છે એમ હું માનીશ.

ભ્રમર! તું કહે છે કે, "હું ત્હારા ઉપર પ્રેમ રાખું છું ને તું તો તેની દરકાર પણ કરતી નથી." ભ્રમર! તને જે એમ લાગે છે તેજ ત્હારા પ્રેમની પરિક્ષા કરી આપે છે કે, ત્હારામાં સ્વાર્થી પ્રેમ રહેલો છે. હું ત્હારા ઉપર પ્રેમ કરૂં અગર ત્હારા પ્રેમની કદર કરૂં તોજ તું મ્હને ચાહે, અને જો હું ત્હારી કદર નહિ કરૂં તો તું મારા ઉપરનો પ્રેમ ઉતારી કોઇ બીજાજ ગુલાબના ઉપર પ્યાર કરે. કેમ, એમજને? શું એ શુદ્ધ પ્રેમની નિશાની છે? ભ્રમર! કેમ બોલતો નથી? જરા આમ મારી સામું જો. આજ કાલ હિંદુસ્તાનની ઉન્નતિ કરવા નીકળી પડેલા પુરૂષોનો પણ ત્હારા જેવોજ ભાવ છે. જેમ તને કાંટાથી જરા દુઃખ થયું કે ત્હારા ભાવ જુદા સ્વરૂપમાં ગોઠવાઇ ગયા તેવીજ રીતે તે લોકોને જરા નડતર કે હરકત આવે કે તરત તે રસ્તો છોડી દે છે. તેનું કારણ માત્ર શુદ્ધ પ્રેમનો અભાવ એજ છે. જ્યાંસુધી શુદ્ધ પ્રેમનો પ્રકાશ હૃદયમાં ન થાય ત્યાં સુધી ખરો માર્ગ જણાતો નથી અને આડે માર્ગે જવાય છે. તેથી અવનતિનાજ ફળ ચાખવા પડે છે.

પ્રથમ તમે તમારૂં દીલ સાફ રાખો, તમારા હૃદયમાં, તમારા, કુટુંબમાં, તમારા ઘરમાં રહેલો સ્વાર્થ તેનો નાશ કરો, કુસંપને દૂર કરો, દ્વેશને હઠાવો, અસત્યનો ત્યાગ કરો, કુરીવાજોના કીડાને દેશપાર મુકી આવો, મિથ્યાભિમાનનું મર્દન કરો ને પછી

દેશોન્નતિની મહત્કાંક્ષા તરફ વળો. ગાડરીઆ પ્રવાહની પેઠે વિચાર કર્યા વગર આંધળા બની કૂવામા ન પડો. દેશોન્નતિનો ખરો ઉપાય તો ઉપર કહેલાં રોગો મટાડવા માટે શુદ્ધ પ્રેમથી આત્મભોગ આપતાં તેમાં અનેક સંકટો આવે તો પણ તેની દરકાર ન કરવી એજ છે.

જોને પૂર્વે થઇ ગએલા રૂષીઓ પોતે પોતાનો સ્વાર્થ છોડી દઇને, સ્વદેશ પ્રત્યે શુદ્ધપ્રેમ અર્પી આત્મભોગ આપતા અને તે દ્વારા જનસમૂહનું કલ્યાણ કરતાં હતાં. તું જરા ખ્યાલ કરીશ તો તેઓના અમર નામ અદ્યાપિ પર્યંત આ ભારત વર્ષમાં સોનાને અક્ષરે કોતરાઇ રહેલાં છે; જ્યાં સુધી મનુષ્ય પોતાનો સ્વાર્થ રાખી કાર્ય આદરે છે ત્યાં સુધી તેઓનો જય બીલકુલ થતો નથી. નહિ તો ઘણા ઘણા મહાન્ રાજાઓ અને યોદ્ધાઓ, મોટી મોટી પાણીપતમાં લડાઇઓ કરી ગયા. લોકોના રક્ષણ કર્યાં, છતાં પણ પુર્વેના રૂષિઓ જેવી તેમની અમર કીર્તી ટકી રહી નથી. તેનું કારણ તપાસીશું તો માલમ પડશે કે, તેમાં તેઓનો સ્વાર્થ રહેલો હતો. જેથી તેઓ દેશની ઉન્નતિ કરી શકયાં નહીં. પણ જ્યારે નિઃસ્વાર્થી રૂષિઓ શુદ્ધપ્રેમથી આત્માભોગ આપવા તૈયાર થાય છે ત્યારે વિના પ્રયાસે અલ્પ સમયમાં દેશમાં ઉંડા જડ ઘાલી બેઠેલાં કુરિવાજો નાશ પામે છે અને દેશોન્નતિ થાયછે. તેવીજ રીતે આપણે દેશોન્નતિનું ખરૂં તત્વ શોધી કાઢ્યા સિવાય દેશોન્નતિને માટે પ્રયત્ન કરીશું તો તે નિષ્ફળજ જશે. એક દયાનંદ સરસ્વતિનોજ દાખલો બસ થશે કે, જેણે શુદ્ધ પ્રેમથી આત્મભોગ આપી દેશોન્નતિની કેટલીક ચાવીઓ જગતને દર્શાવિ છે જેથી તેઓ આજે આ ભારત

ભૂમિની સપાટી ઉપર હૈયાત નહિ છતાં ગલીએ ગલીએ અને નાકે નાકે તેમના નામની માળા જપતા ઘણા મનુષ્યોને જોઇએ છીએ. તેઓ તો આ દુનિયામાં લોકદૃષ્ટિએ મરણ પામ્યાં છે પણ શાસ્ત્રદૃષ્ટિએ તો તેઓ આ દુનિઆમાં અમરજ છે. ભ્રમર ! ત્હારે પણ જો તેઓ-ની જેમ અખંડ સુખ લેવાની મરજી હોય તો હજી શુધ્ધ પ્રેમ તરફ દોરાઇ આત્માભોગ આપતાં શીખ, કે જેથી તું તહારા કાર્યમાં ફતેહમંદ થાય.

ભ્રમર! મને કહેતાં ઘણું કષ્ટ ઉપજે છે અને લજ્જાથી મારૂં હૃદય ચિરાઇ જાય છે પણ કહયા વગર ચાલતું નથી કે, આ ભારત ભૂમિમાં તારા જેવા ઘણા માણસો પ્રેમનો ભાવ બતાવી સ્વદેશ સેવાનું વ્રત લેવાને આગળ આવતા જણાય છે પરંતુ તેમનામાં કોઇપણ માણસના ચરિત્રમાં પ્રબળ પ્રેમ જણાતો નથી બધા "સ્વદેશી" નો ડોળ કરે છે પરંતુ પડદા પાછળ જોઇશું તો તેમાં કોઇ નહિ ને કોઇ પ્રકારનો તુચ્છ સ્વાર્થ રહેલો હોય છે. સ્વાર્થ નહિ હોય ત્યાંપણ તન, મન કે ધનમાંથી કોઇપણ પ્રકારનો ભોગ આપવા જેટલી ઉદારતા જે ખરેખરૂં સ્વાર્થત્યાગનું લક્ષણ છે તે કોઇપણ ઠેકાણે નજરે પડતું નથી. વેર, ઝેર, હિંસા, દ્વેષ, અને કલેશની મલીન ભાવનાઓમાંજ (ગુંગળાઇ મરેલા જેવું) નિષ્ક્રિય પડી રહે છે. ત્યાગને બદલે બીજીજ કોઇ સ્વાર્થની બળ-તરાથી અને દાહથી ધુંધવાયા કરે છે ત્યારે તેને ઉપરથી "દેશ ભકિત" કે "સ્વદેશી" જેવું ભળતુંજ નામ આપી તેઓ જગતને ઠગે છે અને જગતની આંખોમાં ધુળ નાંખે છે. ઇર્ષા, સ્વાર્થપરતા, ભીરૂતા અને યશ લોભ તો જાણે તેઓના લોહી માંસની સાથેજ મળી ગયાં હોવ તેમ જણાય છે; તેઓ તેમને કદી

છોડતાંજ નથી. જે કામમાં અર્થલાભ નથી, પ્રસંસા નથી, ગૌરવ નથી, મોટાઇ મળતી નથી "મોટાભાઇ" કહેવાના નથી, ચાંદ કે ખીલ્લા મળતાં નથી અને ટુંકામાં કહેતાં જે કામમાં સ્વાર્થ નથી તેવા ઉદાર સ્વાર્થરહિત કામોમા આપણા દેશના કેટલાક લોકો આગળ પડતાં જણાય છે! એકજણ જો દેશોન્નતિ વિશે ભાષણ આપશે તો બીજો તરતજ ત્હેના દોષો કાઢી તેને તોડી પાડવાને જમીન અરમાન એક કરી મુકશે; એથી શું થાય છે? દેશોન્નન્તિનું કામ દૂરજ રહે છે ઉલટું ઘણી વખતે દેશને લાભને બદલે મોટું નુકસાન પહોંચે છે તે એટલે સુધી કે એક પક્ષ બીજાની વિરૂધ્ધ સાચા જુઠાં લખી કહી અધીકારીઓને ભંભેરી પોતાને હાથે લોખંડનો કૂહાડો પોતાનાં પગમાં મારે છે. એક બીજાની અણછાજતી નિંદા કરી એક બીજાને માથે કલંક મુકટ પહેરાવવાની વેતરણ કરે છે. આ અંદર અંદરના કલહથી પશુની પેઠે તેઓ એક બીજાને મારવા, કૂટવા અને પૂરો કરી દેવા માટે પણ તૈયાર થઇ જાય છે! વાહ શી દેશભકિત! મધ્યમ પક્ષવાળા અથવા તીવ્ર પક્ષવાળા તમે ખરેખર દેશને તારો એવાંજ કિમતી રત્નો આજે પવિત્ર ભારતભૂમિને ખોળે પાકયા જણાઓ છો! ધન્ય તમારો સ્વાર્થત્યાગ! ધન્ય તમારી સેવા! ધન્ય તમારા ઉન્નતિના વિચારો અને પ્રયત્નો! નરમ દળ કહો કે ગરમ દળ કહો મધ્યસ્થ કહો કે મસ્કારીકિશન કહો તેનામાં કયા પક્ષના લોકો આવા પ્રકારના યશલોભ, સ્વાર્થ, દ્વેષ, પક્ષપાત અને કાયરતાં જેવા અનેક દોષ વગરના છે! હાય! બધા એક સરખાજ! "રેવડીવાળાનો ભાઇ ગંડેરીવાળો" બધા એક એકથી ચ્હડીયાતા છે. આવી અધમ

હાલતમાં દેશોદ્ધાર તો દૂર રહ્યો પણ આત્મોદ્ધાર પણ કેમ થઇ શકે રેવરન્ડ પેઇજ હોપ્સ સાહેબ કહે છે કે:—હે ભારતવાસીઓ! જો દેશનું હિત કરવાની ત્હમારી ઇચ્છા હોય તો ઇંગ્લંડ અને જાપાનને પગલે ચાલી ત્હમારા બંધુ વર્ગમાં સંપ-ઐક્યતા વધારો ત્હમારા બધા પક્ષરૂપી પુષ્પોમાં એકત્ર-સૂત્રનો સ્વદેશપ્રેમ પરોવી દો, માત્ર એથીજ તમારૂં કલ્યાણ થશે. તેમનું આ કથન શું ખોટું છે.?

ખરેખર જ્યાંસુધી દેશ પ્રત્યે શુદ્ધ સાત્વિક પ્રેમ પેદા નહિ થાય ત્યાં સુધી આત્મભોગ આપી શકાશે નહિ અને આત્મભોગ સીવાય દેશની ઉન્નતિ પણ થશે નહિ માટે પ્રથમ શુદ્ધ પ્રેમ કરતા શીખો અને તેમાંજ તમારૂં કલ્યાણ સમાયેલું છે.

આજકાલની તમારી પ્રવૃતિ જોઇને મને તો હસવું આવે છે. તમારે સુખની શય્યા ઉપર બીરાજમાન થઇ સ્વદેશ મેળવવો છે. આત્મભોગ આપ્યા સીવાય કાર્ય સાધી લેવું છે. એ કદાપી બનવાનું નથી. જ્યારે ઇંગ્રેજોએ પ્રથમ સુખ શય્યાને દૂર કરી શુદ્ધ પ્રેમથી આત્મભોગ આપી કર્તવ્યમાં લીન રહ્યા ત્યારેજ આપણાપર સત્તા ભોગવતા થયા છે. અરે હમણાં એક જગજાહેર ત્હારી અને મ્હારી નજરે દાખલો બનેલો છે તે શું તું ભૂલી જાય છે કે, જાપાન જેવી નાનકડી પ્રજાએ રૂશિયા જેવી પ્રબળ સત્તાને હઠાવી; તેનું શું કારણ? માત્ર દેશ પ્રત્યે શુધ્ધપ્રેમ અને તેમાથી ઉત્પન્ન થએલો આત્મભોગનોજ પ્રતાપ છે. ત્યાના બાળકોને નાનપણથીજ શુધ્ધ પ્રેમ અને આત્મભોગ આપતાં શીખવે છે, અરે બાળકોના હાલરડામાં પણ માતાઓ તેવાજ પ્રકારના હાલરડા ગાઇ બાળકના કોમળ હ્રદયમાં આત્મભોગની છાપ બેસાડે છે, ત્યારે

આપણી માતાઓ હાલરડામાં ભય દેખાડે છે અને એ નાનપણ પડેલી ભયની છાપથીજ આપણે અત્યારે બહુચરા માતાના ભ જેવા બન્યા છે.

જ્યાં સુધી શ્રી રામચંદ્રની પેઠે, બુધ્ધદેવની પેઠે, ખ્રીસ્તીની પેઠે, મેઝિનીની, ગેરીબાલ્ડી પેઠે અને આપણા સવ આદર્શ પુરૂષ કૃષ્ણ ભગવાનની પેઠે આપણે આત્મત્યાગ વ્રત નહિ લઇયે, જ્યાં સુધી નીષ્કામ વૃત્તિથી ધર્મ સાધનમાં પગલાં નહિ ભરીએ ત્યાં સુધી કદીએ દેશનો ઉદ્ધાર થવા નથી. સમાજ અથવા રાષ્ટ્રનું કશું કલ્યાણ સાધવાનું ન અને અહિતું સંસારીક સુખ અથવા પારલૌકિક સુખ એમા કાંઇ પણ મળવાનું નથી, માત્ર તુચ્છ સ્વાર્થ જાળમાં કાગડા કુ તરાની પેઠે પાપી પેટને માટે અનેક છળ પ્રપંચ કરીશું ત્યાં સુ આપણે નરકનાં અધમ કીડા બની રહીશું. માટે ભ્રમર આંખ ઉઘા સ્વાર્થના સેતાનને હાંકી કહાડો કુસંપ અને દ્વેષને દેશવટો આપે

હે ભ્રમર ? આ ઉપલા દ્રષ્ટાંતોથી તું સમજી ગયો હઇશ શુદ્ધપ્રેમ આત્માભોગ સીવાય કાંઇ પણ બનતું નથી અને તે શુ પ્રેમ કે આત્મભોગ આપતાં પહેલાં અનેક આપત્તિ વિપત્તિઓ આ છે પણ તે આપત્તિઓને સફળતાની સીડી માની તેના તરફ અડ થઇ સામો થાય તો તે પોતાનું કાર્ય અવસ્ય સાધી શકે છે; મા હાલ તો આટલુંજ કહી બંધવાળું છું; કારણ કે મને લેવા માટે મા માલીકને આવવાનો વખત થઇ ગયો છે. જો જો હું હમણાજ સ્વાર્થનો ત્યાગ કરી કોઇ ભોગી ભ્રમરના કરમાં જઇ ચડીશ. વળી કાલે આવજે તો આથી વધારે પણ તને દાખલા દલીલોથી વિવચન કરી તને સંભળાવીશ, જો મારો માલીક આવ્યો માટે હવે છેલ્લ પ્રણામ પ્રણામ પ્રણામ.........

પ્રભુ કૃપાએ આ દેશાન્નતિની ચાવીના લખવા પહેલાં આત્મ-ભોગના ઝાંખા ઝાંખા દર્શન આપણા દેશમાં કોઇ કોઇ ઠેકાણે થવા લાગ્યા છે, શ્રી કૃષ્ણ ભગવાનનો ઉપદેશ આપણા દેશ બાંધવોના અંતરમાં ધીમે ધીમે ઉતરતો જણાય છે, મોહ નિંદ્રાનો ભંગ કર-નારો દેશોદયનો ઘંટાનાદ પ્રભુના દેવ મંદીરોમાં વાગવા લાગ્યો છે એ સાંભળીને દેશોન્નતિના અગ્નિકુંડમાં પોતાના ક્ષુદ્ર સ્વાર્થની આહુતી આપવાની ભાવના ઘણા શુદ્ર હૃદયમંદિરમાં જાગવા લાગી છે,

આપણા કેટલાક મહામાન્ય અગ્રણીઓ તન, મન અને ધનના ભોગે દેશસેવાના પવિત્ર વ્રતમાં જોડાય છે, મહાત્મા તાલક જેવા, બાબુ આરવિંદ ઘોસ જેવા, મહાત્મા અશ્વનિકુમાર દત્ત જેવા અને સંપત્તિશાળી શ્રીમાન સુબોધચંદ્ર મલિક તથા બાબુ કૃષ્ણકુમાર મિત્ર જેવા પુરૂષો આનંદથી આત્મભોગનો વાવટો હાથમાં લઇ વિકટ સંકટ ભોગવે છે, પરમાત્મા તેમની દેશોદ્ધારની ભાવનાઓ સફળ કરો અને "સ્વર્ગીય આત્મભોગની અમરપતાકા ભારતના પવિત્ર આકાશપર ફરકાવો. એજ માત્ર અંતિમ યાચના છે.

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

સમાપ્ત.

થોડાજ વખતમાં બહાર પડશે.

દેશોન્નતિની ચાવી.

ભાગ ૨ જો.

આ પુસ્તક હમારા તરફથી લગભગ એક માસની ટુંક મુદત-માં બહાર પડશે જેનું કદ રોયલ સોળપેજી ત્રણ ફોર્મનું એટલે પાના લગભગ ૪૮ સુધી થશે કીમત ૦—૧—૦ એક આનો. અગાઉથી નામ નોંધાવનાર પાસેથી ૦—૦—૬ અડધો આનો લેવામાં આવશે.

નામ નોંધાવવાના ઠેકાણાં.

૧ કૃષ્ણારાવ મારતંડરાવ રોડે,
ધી "રાંદેર" પ્રેસ, આગાતળાવ—સુરત.

૨ ચત્રભુજ વિ૦ તારાચંદ મહુવાકર
મહુવાબંદર—(કાઠીયાવાડ).

૩ ડાહ્યાલાલ ગણપતરામ સુખડીઆ.
ઠેકાણું બજારમાં-મુકામ બારડોલી.
જીલ્લા સુરત, ટી. વી. રેલવે.

૪ દયારામ આત્મારામ ઠો. અલાયાનીવાડી-સુરત

વૈદ ગિરિધર

નામનું પુસ્તક વૈદકના ઘણાજ વિષયથી ભરપુર છે.

સાધારણ ભણેલા માણુસ જાતે વૈદુ " વૈદ ગિરિધર " નામનું પુસ્તક વાંચી કરી શકશે તેમજ આ પુસ્તકમાં દવાઓ બનાવવાની અગવડ દુર રાખેલી છે.

કીંમત રૂ. ૦-૪-૦ પોસ્ટેજ ખર્ચ રૂ. ૦-૦-૬

મળવાનું ઠેકાણું.

વૈદ શા૦ ગિરધરલાલ કહાનજી.
મુ. ધોળકા જી૦ અમદાવાદ.

ઇ. એ. રસુલ ફોટોગ્રાફર.

હમારે ત્યાં સઘળી જાતની ન્હાની તથા મોટી સર્વે જાતની છબીઓ તમારા મનપસંદ પાડી આપવામાં આવશે.

ઠેકાણું

કણુપીઠ ગેટની સામુ-સુરત.